|| સનાતન પરમો ધર્મ || — શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર — જાગૃત ઉજાગર — સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ — નખત્રાણા-કચ્છ

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● અષાઢ સુદ-૧૪/પૂનમ ● તા. ૨૩-૦૭-૨૧ ● શુક્રવાર SDP NO: 458 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ તલોદ-પ્રાંતિજ ડિવિઝન (સાબર રિજીયન)

મિશન રાજકીય

તલોદ - પ્રાંતિજ ડિવિઝન ના મૂળ કચ્છમાં થરાવડા અને હાલે તખતગઢકંપાના ઉત્સાહી યુવાન શ્રી અંકિત કિરીટભાઈ છાભૈયા જેઓની ભારતીય જનતા પાર્ટી યુવા મોરચો સાબરકાંઠા જિલ્લામાં ઉપપ્રમુખ તરીકે ની નિમણૂક થઈ છે તેઓએ તખતગઢ કંપા અને સમાજનું નામ રોશન કરેલ છે. તેઓની આ નિમણુંક બદલ તલોદ - પ્રાંતિજ ડિવિઝન અને સાબર રિજીયન ગૌરવ અનુભવી ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવેલ છે.

શ્રી અંકિત કિરીટભાઈ છાભૈયા વિશે.

મો.- ૯૯૭૮૨ ૭૩૦૮૦

હું બાલ્યકાળથી સંઘ નો સ્વયંસેવક છું, તખતગઢ શાખામાં અલગ અલગ જવાબદારી વહન કરેલ છે. તે ઉપરાંત કોલેજ કાળ દરમ્યાન ૨૦૦૮ થી ૨૦૧૩ સુધી વિદ્યાર્થી પરિષદમાં(ABVP) પ્રદેશ કારોબારી સભ્ય, નગર મંત્રી તથા જિલ્લા સંયોજકની જવાબદારી વહન કરેલ છે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા યુથ અગેઈન કરપ્શન (YAC) ભ્રષ્ટાચાર વિરુદ્ધ યુવા આંદોલનમાં સક્રિય ભુમિકા નિભાવેલ હતી જેમાં YAC સંયોજક સાબરકાંઠા જવાબદારી વહન કરેલ છે.

YAC દ્વારા કેન્ડલ માર્ચ તથા વિશાળ જન સભામાં સંબોધવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલ છે.

વર્ષ ૨૦૧૪ થી પ્રાંતિજ તાલુકામાં શારિરીક પ્રમુખ, સહકાર્યવાહ તથા જિલ્લામાં મહાવિદ્યાલય સહ પ્રમુખની જવાબદારીનું વહન કરેલ છે.

૩. ક.ક.પા.વિદ્યાર્થી મંડળ હિંમતનગર માં ૨૦૦૯ થી ૨૦૧૦ માં પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી. જેમાં હિમતનગર વિદ્યાર્થી મંડળ સાલ ૨૦૧૦ માં ૨૫ વર્ષ પૂર્ણ થતાં રજત જયંતિ મહોત્સવ ઉજવાયો.

તખતગઢ ગ્રામ પંચાયતમાં ડેપ્યુટી સરપંચ તરીકેની જવાબદારી છે.

હાલ ૨૦૨૧-૨૩ ની તલોદ - પ્રાંતિજ- ગાંધીનગર ડીવી. ટીમમાં મંત્રી તરીકેની જવાબદારી સ્વીકારેલ છે.

સંયોજક : અલ્પેશ રામાણી
સાબર રિજીયન PRO

ખુબ ખુબબ અભિનંદન...

વિથોણ જિલ્લા પંચાયત સીટના સદસ્ય શ્રી જયાબેન બાબુભાઈ ચોપડાને કચ્છ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે વરણી થવા બદલ ખુબ ખુબબ અભિનંદન...

શ્રીમતિ જયાબેન જીયાપર (તા. નખત્રાણા)ના વતની અને શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના મહામંત્રી શ્રી બાબુભાઈ ચોપડાના ધર્મપત્ની છે...

જિલ્લા પંચાયતની ૭ સમિતિઓના સુકાની વરાયા

કારોબારી ચેરમેન પદે મહેન્દ્રભાઈ નારાણભાઈ ગઢવીની સત્તાવાર વરણી કરાઈ : સમિતિઓમાં ક્ષત્રિય અને આહિર સમાજમાંથી ૨ને જ્યારે પટેલ તથા ગઢવી સમાજમાંથી ૧-૧ પદ અપાયા

કચ્છ જિલ્લા પંચાયતમાં વિવિધ સમિતિઓની કરાઈ નિમણુંક...

કચ્છ જિલ્લા પંચાયતના નવનિયુક્ત સમિતિના ચેરમેનશ્રીઓની યાદી

ક્રમ	સમિતિનું નામ	ચૂંટાયેલ ચેરમેનશ્રીનું નામ	ફોન નંબર
૧	કારોબારી સમિતિ	મહેન્દ્રભાઇ નારણભાઇ ગઢવી	૯૯૨૫૧ ૩૩૯૭૯
૨	જાહેર આરોગ્ય સમિતિ	કરશનજી બાવુભા જાડેજા	૯૮૭૯૭ ૧૬૩૫૭
૩	સામાજિક ન્યાય સમિતિ	કેશવજીભાઇ રોશિયા	૯૮૭૯૩ ૮૭૦૩૫
૪	જાહેર બાંધકામ સમિતિ	જનકસિંહ બળવંતસિંહ જાડેજા	૯૮૨૫૨ ૭૦૬૭૨
૫	ઉત્પાદન સહકાર અને સિંચાઇ સમિતિ	ધનાભાઇ નારણભાઇ હુંબલ	૯૮૭૯૬ ૩૪૨૪૪
૬	મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃતિ સમિતિ	લક્ષ્મીબેન દેવશીભાઇ પાતાળિયા	૯૬૮૭૬ ૧૦૫૮૪
૭	શિક્ષણ સમિતિ	જયાબેન બાબુભાઇ પટેલ	૯૯૭૯૭ ૯૬૨૩૧

શ્રી લક્ષ્મીનારાયણ પાટીદાર સનાતન સમાજ

સાંયરા (યક્ષ) તા. નખત્રાણા - કચ્છ મો. ૭૮૬૩૮૧૮૭૧૯

ત્રિ વાર્ષિક સામાન્ય સભા સર્કયુલર

જય લક્ષ્મીનારાયણ સાથે જણાવાનું કે, આપણા ઈષ્ટદેવ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાન ના મંદિરનો પાટોત્સવ (વાર્ષિક તીથી) શ્રાવણ સુદ ૭ ને રવિવાર તા. ૧૫-૦૮-૨૦૨૧ના શ્રધ્ધા પૂર્વક સાદગીથી ઉજવણી થશે. તેમજ ત્રિ વાર્ષિક જનરલ મીટીંગ બપોરના ૦૨:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. આપને પાટોત્સવ ઉજવણી નાં આમાંત્રણ અને મીટીંગમાં હાજરી માટેનો સર્કયુલર પાઠવવામાં આવે છે. જેથી આપની હાજરી આવશ્યક હોતા આપને પધારવા જણાવવામાં આવે છે.

સાદગી પૂર્વક કાયુક્રમ

તા.૧૫-૦૮-૨૦૨૧ રવિવાર

- ❖ સવારના ૦૮:૦૦ કલાકે : સાંત સભા
- ❖ સવારના ૧૦:૦૦ કલાકે : મહાઆરતી
- ❖ બપોરના ૦૨:૩૦ કલાકે : ત્રિ વાર્ષિક જનરલ મીટીંગ

-: મીટીંગ એજન્ડા :-

(૧) પ્રાર્થના
(૨) આવકાર
(૩) શ્રધ્ધાંજલી
(૪) ગત સભાની મંનીટનું વાંચન અને બહાલી
(૫) હિસાબોની રજૂઆત અને બહાલી
(૬) આવેલ પત્રોનું વાંચન અને ચર્ચા
(૭) નિવૃત થતા પ્રમુખનું ઉદ્દબોધન
(૮) કારોબારી વિસર્જનની પ્રક્રિયા
(૯) નવી કારોબારીની રચના
(૧૦) નવા પ્રમુખશ્રીનાં ઉદ્દબોધન
(૧૧) આભાર વિધી સમાપન

નોધ:

(૧) આપના વિસ્તારના સમાજના ભાઈઓ ને આ સર્કયુલરની વોટ્સ એપ તથા ફોનથી જાણ કરવા વિનંતી.

(૨) સાંજોગોને આધીન કોરોના મહામારી ને કારણે સરકારશ્રી ની ગાઈડ લાઈન મુજબ સભાના સમયમાં ફેરફાર કે મુલત્વી રાખવામાં આવશે તો તેની જાણ સમયાન સાર ઈલેક્ટ્રોનિક માધ્યમથી કરવામાં આવશે.

(૩) ગુજરાત ઝોનની મીટીંગ સાંયરા સમાજવાડીમાં તા.૧૪/૦૮/૨૦૨૧ના રોજ સાંજે ૦૫:૦૦ વાગે રાખેલ છે.

પ્રમુખ શ્રી
શ્રી દેવજીભાઈ માધવજીભાઈ નાકરાણી
૯૮૨૫૭ ૩૮૦૧૦

મહામંત્રિ શ્રી
શ્રી વસંતલાલ ખીમજી પટેલ
૯૮૨૫૨ ૬૨૮૦૯, ૯૪૨૯૦ ૨૦૪૦૯

જય શ્રી લક્ષ્મીનારાયણ

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાનમાં ગુરૂપૂર્ણિમા ઉજવાશે

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન, દેશલપર ખાતે સંસ્થાના માર્ગદશક સંતશ્રી સ્વામી વૃંદાવનવિહારીદાસજીના સાનિધ્યમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી તા. ૨૪.૦૭.૨૦૨૧, શનિવારના સવારે ૯ થી ૧૨ દરમ્યાન કરવામાં આવશે.

સવારના ૯ વાગે સંતો અને સંસ્થાના હોદેદારો દ્વારા સંત સ્મૃતિ મંદિરમાં બ્રહ્મલીન સંતોની ભાવ વંદના બાદ ગુરૂગાદી વેદનારાયણનું પૂજન કરવામાં આવશે. આ પ્રસંગે સરકારશ્રીની કોરોના ગાઇડ લાઇન મુજબ ભાવિકો ગુરૂગાદીના દર્શન કરી શકશે અને સંતોના આશીર્વાદ લઇ શકશે. કોરોનાની મહામારીના કારણે આ વર્ષે સત્સંગ કાર્યક્રમ તેમજ ભોજન કાર્યક્રમ રાખવામાં આવ્યા નથી.

જેઠાભાઇ લાલજી ચોપડા (પ્રમુખશ્રી)
અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજ-દેશલપર

શ્રી ABKKP યુવાસંઘ, Agriculture & Environment મિશન ગ્રીન ઈન્ડિયા

DKR રીજયન ના રીજયન સેક્રેટરી મનોજભાઈ પોકાર (નેલમંગલા) એ પોતાની નવિન ગ્રેનાઈટ ફેક્ટરી મા વૃક્ષારોપણ કરી પોતાનો જન્મદિવસ ઉજવ્યો અને પ્રકૃતિ પ્રત્યે પોતાનું ઋણ અદા કરી મિશન ગ્રીન ઈન્ડીયા ને સાર્થક કર્યું તેના માટે તેમને ખૂબ ખૂબ અભિનંદ...

વૃક્ષો વાવી ધરતી માતાને હરિયાળી બનાવીએ આવો પ્રકૃતિ ની Oxygen બેંક માં Oxygen જમા કરાવીએ...

कार्य HUM SE...
करेंगे दिल से....

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

તા. ૨૩/૦૭/૨૦૨૧

HAPPY BIRTHDAY

ડો. વિપુલ હેમંતભાઈ છાભૈયા

કચ્છ: ભડલી, હાલે : નરોડા

રીજીયન :- MGR, જન્મ તારીખ :- ૨૩-૦૭-૮૪

જન્મ દિવસ સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

હોદ્દા - અ.ભા.ક.ક.પા. યુવાસંઘ નર્મદા કાઉન્સિલ સેક્રેટરી ૨૦૧૮-૨૦૨૧
- સનાતન ધર્મ પત્રિકા સંયોજક / Columnist (સનાતન મેડીકોઝ)
- સનાતન મેડીકોઝ્ સ્થાપક સભ્ય

ફર્મ:

મીરા પેથોલોજી લેબોરેટરી- નરોડા   ૯ પ્રેગનન્સી ફિઝીયોથેરાપી- નરોડા



બે વર્ષ પહેલાં ગાંધી આશ્રમ સાબરમતી ખાતે છોડ વાવેલ જેની સાથે જ આજે

બે વર્ષ પછી વાવેલ છોડ સાથે તસ્વીર. ગ્રીન ઈકોનોમી ના હિમાયતી નર્મદા કાઉન્સિલ સેક્રેટરી, ડો.વિપુલ છાભૈયા..

માતાના મઢ ખાતે ક્ષત્રિય ભવનના મુખ્યદાતા તરીકે પ્રાગમલજી ત્રીજા : રાજપૂત સભાની બેઠકમાં જાહેરાત : છાત્રાલય માટે ૪૫ લાખનું દાન

મહારાવ પરિવાર તરફથી ૫૧ લાખનું દાન અપાયું

કચ્છ રાજપૂત (ક્ષત્રિય) સભાની મળેલી બેઠકમાં દીપ પ્રાગટ્ય કરતા રાજ પરિવારના મહારાણી પ્રીતિદેવી, બાજુમાં સભાના પ્રમુખ અને ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજા વગેરે જોવા મળે છે.

રાજપૂત - ક્ષત્રિય સભાની મળેલી બેઠકમાં માતાના મઢ ખાતે નિર્માણ પામતા ક્ષત્રિય સમાજના ભવનના મુખ્યદાતા તરીકે રાજ પરિવારના મહારાણી પ્રીતિદેવીએ રૂ . ૫૧ લાખ જાહેર કર્યા હતા . ઉપરાંત છાત્રાલય માટે ત્રણ દાતાઓએ ૧૫-૧૫ લાખ મળી રૂ . ૪૫ લાખની જાહેરાત કરી હતી . બેઠકમાં ઉપસ્થિત મહારાણી પ્રીતિદેવીએ મહારાવ પ્રાગમલજી ત્રીજાની મુખ્યદાતા તરીકે કાયમી પ્રતિમાં આ ભવનમાં રહે અને મહારાવના ત્રણ પ્રતિનિધિઓને ટ્રસ્ટી તરીકે સેવાની લાગણી દર્શાવી હતી . રાજ પરિવાર તરફથી દાનની રકમની જાહેરાત કુંવર ઈન્દ્રજિતસિંહ જાડેજાએ કરી હતી . ભુજના પ્રાગમહેલમાં યોજાયેલી બેઠકમાં મહેલનું પુનઃ નિર્માણ થઈ જતાં પ્રવેશદ્વાર સભાના પ્રમુખ અને ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાના હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું .

ધોરણ ૯ થી ૧૧ ના વર્ગો ૨૬ જુલાઈથી શરૂ કરાશે

૫૦ ટકા કેપેસિટી સાથે વર્ગો શરૂ કરી શકાશે : શાળા વર્ગોમાં અભ્યાસ માટે આવનારા વિદ્યાર્થીઓએ પોતાના વાલીનુંસંમતિપત્રક પણ લાવવાનું

ગાંધીનગર, તા.૨૨ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર-કમિટીનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. રાજ્યની શાળાઓમાં ધોરણ ૯ થી ૧૧ ના વર્ગો સોમવાર-તારીખ ૨૬ જુલાઈ ૨૦૨૧ થી શરૂ થશે.

૫૦ ટકા કેપેસિટી સાથે વર્ગો શરૂ કરી શકાશે-વિદ્યાર્થીઓની હાજરી મરજિયાત રહેશે. શાળામાં વર્ગખંડમાં પ્રત્યક્ષ શિક્ષણ માટે આવનારા વિદ્યાર્થીઓએ પોતાના વાલીનો સંમતિપત્રક રજુ કરવાનો રહેશે- ઓનલાઈન શિક્ષણ પ્રથા યથાવત રહેશે. રાજ્યની શાળાઓમાં ધોરણ ૯ થી ૧૧ ના વર્ગોની શાળાઓમાં આગામી તારીખ ૨૬ જુલાઈ ૨૦૨૧- સોમવારથી ફિઝિકલ-ભૌતિક શૈક્ષણિક કાર્ય ફરી શરૂ કરવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી કોર કમિટીની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કોર કમિટીના આ બેઠકમાં રાજ્યમાં કોરોના સંક્રમણની સ્થિતિ અને ઉત્તરોત્તર ઘટતા જતા કોવિડ કેસોની સંખ્યાને ધ્યાનમાં લઈ દૈનંદીની પ્રવૃત્તિઓ શાળાવર્ગો વગેરે રાબેતા મુજબ પૂર્વવત કરવા અંગે વિસ્તૃત સમીક્ષા અને ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તદઅનુસાર સમગ્ર રાજ્યમાં આગામી ૨૬ તારીખ જુલાઈ ૨૦૨૧ થી શાળાઓના ધોરણ ૯ થી ૧૧ ના વર્ગો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ વર્ગો ૫૦ ટકા ક્ષમતા સાથે ફરી શરૂ કરી શકાશે. એટલું જ નહિ વિદ્યાર્થીઓની હાજરી મરજિયાત રાખવામાં આવી છે. શાળા વર્ગોમાં અભ્યાસ માટે આવનારા વિદ્યાર્થીઓએ પોતાના વાલીનુંસંમતિપત્રક પણ લાવવાનું રહેશે. આ સાથે ઓનલાઈન એજ્યુકેશન સિસ્ટમ પણ યથાવત ચાલુ રાખવામાં આવશે તેવો નિર્ણય પણ મુખ્યમંત્રીએ કોર કમિટીમાં કર્યો છે. ધોરણ ૯ થી ૧૧ ના વર્ગો આગામી ૨૬ જુલાઈ ૨૦૨૧ થી શાળાઓમાં શરૂ થાય ત્યારે કોરોના સંક્રમણ નિયંત્રણની ગાઈડલાઈન્સ- જીનું પાલન થાય તે પણ શિક્ષણ વિભાગે સુનિશ્ચિત કરાવવાનું રહેશે. રાજ્ય સરકારે આ અગાઉ તારીખ ૯ જુલાઈથી ઉચ્ચત્તર માધ્યમિક ધોરણ ૧૨ના વર્ગો તેમજ ડિપ્લોમા-ડિગ્રીના કોલેજ વર્ગો ૫૦ ટકા કેપેસિટીથી શરૂ કરાવેલા છે.

જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા

તા. ૨૩/૦૭/૨૦૨૧

ચંદુભાઈ પરબતભાઈ સાંખલા બીલીમોરા - DGR 9925997711

પોતાના પૌત્ર નૈતિક દિનેશભાઈના જન્મ દિવસ નિમિત્તે સનાતન ધર્મ પત્રિકા ના આજીવન સભ્ય બની સમાજ પ્રત્યેની પોતાની ફરજ અને લાગણી વ્યક્ત કરી છે.

શ્રી સમાજ અને યુવાસંઘ તેમનો આભાર સાથે જન્મ દિવસની ખૂબ ખૂબ શુભેરછાઓ પાઠવે છે.

જન્મ દિવસ સુદિર્ઘ અને નિરામય જીવન ની શુભ કામનાઓ પાઠવીએ છીએ, આપશ્રી ને કુળદેવી શ્રી ઉમિયા મા આપના કાર્યો માટે સ્વાસ્થ્ય અને સંપન્નતા અર્પે એવી પ્રાર્થના...

પ્રચાર પ્રસાર સમિતિ

પ્રતિનિધિ :- મહેન્દ્રભાઈ સાંખલા,બીલીમોરા. ૯૮૨૫૦૫૯૩૮૦

ગુજરાતની પ્રથમ ૧ કરોડની ઈલેક્ટ્રીક કાર કચ્છી મહારાજ પ્રાગમલજીએ મંગાવી, જુઓ આવી છે ખાસીયત

ભારતમાં ૪ થી અને ગુજરાતને કચ્છમાં પ્રથમ ૧ કરોડની ઈલેક્ટ્રોનિક કારનું કચ્છી નવા વર્ષે આગમન કચ્છના મહારાવ પ્રાગમલજી ત્રીજાનો પર્યાવરણ પ્રેમ, પર્યાવરણની રક્ષા કાજે પેટ્રોલ-ડીઝલથી ચાલતી કારના બદલે ૧ કરોડની ઈલેક્ટ્રીક કાર બનાવડાવી છે. કચ્છના મહારાવ પ્રાગમલજી ત્રીજા જે ખૂબ પર્યાવરણ પ્રેમી હતા અને પર્યાવરણને જાળવી રાખવા તથા તેને બચાવવા માટે સતત પ્રયત્નશીલ રહેતા. હાલના આધુનિક યુગમાં ખૂબ પ્રદૂષણનો ફેલાવો થઈ રહ્યો છે. જેને કારણે પર્યાવરણને ખૂબ નુકસાન પહોંચ્યું છે. જ્યારે મહારાવ પ્રાગમલજી ત્રીજા હયાત હતા ત્યારે વાહનથી થતા પ્રદૂષણને લઈને ખૂબ ચિંતિત હતા માટે તેમણે જર્મની સ્થિત મર્સિડીઝ બેન્ઝની કંપનીને ઈલેક્ટ્રોનિક કાર નો ઓર્ડર આપ્યો હતો. જે આજે કચ્છી નવા વર્ષના દિવસે ભુજના રણજીત વિલાસ પેલેસ પર આવી પહોંચી હતી.

પર્યાવરણ પ્રેમી Late મહારાવ પ્રાગમલજી ત્રીજા વિન્ટેજ કારો અને ઓટોમોબાઈલના ખૂબ પ્રેમી હતા ત્યારે તેમણે પર્યાવરણને ધ્યાનમાં રાખીને મર્સિડીઝ બેન્ઝની EQC 400 ELECTRIC CAR ને જર્મની સ્થિત Mercedes Benz કંપનીને ઓર્ડર આપીને આ કાર Import કરી હતી. જે આજે તેમના રણજીત વિલા પેલેસ પર આવી પહોંચી હતી.

અન્ય ઈલેક્ટ્રિક કાર કરતાં ખૂબ સારી

આ કાર ફુલ્લી ઓટોમેટિક કાર છે તેનો પાવર પણ 408 હોર્સપાવર જેટલો છે અને આ કારમાં ઘણા બધા આધુનિક Feature પણ છે આ કારનો પીકપ પાવર 785hpbhp છે. ઉપરાંત પાવરફુલ એક ઈલેક્ટ્રિક મોટર પણ છે જે બીજી અન્ય ઈલેક્ટ્રોનિક કાર કરતા ખૂબ જ સારું છે.

આ કારમાં દરેક પેસેન્જર સીટમાં પર્સનલ મસાજ નુ Feature પણ છે જેમાં જુદા-જુદા મસાજ ગાડીમાં બેઠેલ વ્યક્તિ ને પર્સનલી આપી શકાય છે. ઉપરાંત આ કારમાં 7 Airbag છે જે સુરક્ષાની દ્રષ્ટિએ ખૂબ સારું કહી શકાય. આ ગાડી એક વખત ચાર્જ કર્યા પછી 450 કિલોમીટર ચાલે છે અને આ કારને ફૂલ ચાર્જ થતાં 7:30 કલાકનો સમય લાગે છે.

જાણો કારના આધુનિક Features

ઈલેક્ટ્રીક કારની અંદર 64 રંગની ઈન્ટેરિયર લાઈટિંગ સેટ કરી શકાય છે. આ કાર Fully Automatic છે જેમાં Active Brake Assist તથા Blind Spot Assist Feature પણ છે. ઉપરાંત 10.25 ઈંચની ડિજિટલ Touchscreen પણ છે તથા કોઈ પણ વ્યક્તિ ડ્રાઈવર સીટ પર બેસે તો તેની Height અને Body પ્રમાણે તે સીટ ઓટોમેટીક એડજસ્ટ થાય છે. આ કારમાં Voice Assistant, Sun Roof તથા Three Zone Climate Control જેવાં અનેક આધુનિક Feature આવેલાં છે.

હાલ આપણા દેશમાં પર્યાવરણને લઈને બદલાવ લાવવા જરૂરી બન્યા છે ત્યારે આવી પેટ્રોલ અને ડીઝલ વગરની ઈલેક્ટ્રિક કાર દ્વારા આપણે પ્રદૂષણ ફેલાવતો રોકી શકીશું તથા પર્યાવરણને નુકસાન થતાં અટકાવી શકીશું.

પરંતુ આજે મહારાવ પ્રાગમલજી ત્રીજા પોતે હયાત નથી એવી લાગણી તેમના પરિવારોજનોએ વ્યક્ત કરી હતી. મહારાવના વારસદાર મ્યુરધ્વજ સિંહ સાથે વાત કરતા મહારાવ વિન્ટેજ કાર અને પર્યાવરણ પ્રેમ એ બને તેમના શોખ હતા નાનપણથી જાણકારી મુજબ મહારાવને વિન્ટેજ કારનો ઘણો શોખ હતો અને તેઓ મને અવારનવાર જુદી જુદી કારના હોસ પાવર સ્ટેરિંગ વ્હીલ જેવા જુદા જુદા ફીચર અંગે જણાવતા હતા મહારાવે ઈલેક્ટ્રિક કાર લઈને પ્રજાજનોને પર્યાવરણને જાળવી રાખવા માટેનું એક સ્ટેટમેન્ટ પૂરું પાડ્યું છે કે પર્યાવરણને જાળવવા આપણી પરિવર્તન લાવવું પડશે.

ભારત પહોંચ્યાં વધુ ત્રણ રાફેલ

બંગાળના હાસિમારામાં તહેનાતી થશે

નવી દિલ્હી, તા. ૨૨ : રાફેલ સોદામાં ભ્રષ્ટાચારના વિપક્ષી આરોપો વચ્ચે યુદ્ધ વિમાનની સાતમી ખેપમાં બુધવારની મોડી રાત્રે વધુ ત્રણ વિમાન ભારત



પહોંચતાં વાયુદળમાં હવે કુલ ૨૪ ફ્રેન્ચ યુદ્ધ વિમાન થઈ ગયાં છે.

ત્રણ રાફેલ પશ્ચિમ બંગાળના હાસીમારા એક બેઝ પર તૈનાત કરાશે. પ્રથમ રાફેલ સ્ક્વોડ્રન અંબાલા વાયુદળ મથક પર તૈનાત છે.

એટલું જ નહીં, પરંતુ અંબાલામાં તૈનાત પ્રથમ રાફેલ સ્ક્વોડ્રનને પૂર્વી લદાખમાં રતન પાસેની સીમા પર પેટ્રોલિંગ પણ શરૂ કરી દીધું છે.

બીજી સ્ક્વોડ્રન પણ જુલાઈ મહિનાના અંત સુધીમાં સક્રિય થઈ જશે. બુધવારની રાત્રે ત્રણેય રાફેલ ક્યાંય પણ રોકાયા વિના આઠ હજાર કિ.મી.નું અંતર કાપીને ભારત પહોંચ્યાં હતાં.

રસ્તામાં સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ના એરબસ-૩૩૦ પરિવહન વિમાનથી ત્રણેય વિમાનમાં હવામાં જ ઈંધણ ભરાયું હતું.

ભારતીય વાયુદળે ટ્વિટ કરતાં કહ્યું હતું કે ફ્રાન્સના ઈસ્ત્રેસ એરબેઝ પરથી ઉડાન ભરીને ત્રણ રાફેલ ભારત પહોંચ્યાં છે.

ફ્રાન્સ સાથે ૨૦૧૬માં ૩૬ રાફેલ યુદ્ધ વિમાન ખરીદવા ૫૯ હજાર કરોડનો સોદો કરાયો હતો. બાકીનાં ૧૨ વિમાન ૨૦૨૨ સુધી મળી જવાની આશા છે.

કોરોનાને ભુલીને મસ્તી મોજમાં ઝુમતી કુંવારીકાઓ બાગમાં ઉમટી પડી

ગૌરી વ્રત ની ઉજવણી ઠેર ઠેર થઈ રહી છે.



ગુરુચરણે સમર્પિત થવાનો ઉત્સવ એટલે ગુરુપૂર્ણિમા

અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરુપૂર્ણિમાને વ્યાસપૂર્ણિમા પણ કહેવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિ ગુરુ શિષ્યના પવિત્ર સંબધનો જય જયકાર કરતી સંસ્કૃતિ છે.

तद् विज्ञानार्थ स गुरुमेवाभिगच्छेत् । समित्पाणि : क्षौत्रियं ब्रह्मनिष्ठम् ॥

મેઘાવી હોય, શાસ્ત્રને જાણકાર પણ હોય છતાં આ પરમાત્માને જાણવા માટે ગુરુ પાસે જવું જોઈએ. ગુરુ કરવા તે આપણા હિંદુ સંસ્કૃતિની પ્રણાલિકા છે. આપણા જીવનને ઉર્ધ્વ લઈ જનાર ગુરુનું ગુરુપૂર્ણિમાના દિવસે અવશ્ય પૂજન અર્ચન કરવું જોઈએ. ગુરુએ આપણા ઉપર કરેલા ઉપકારોને આપણે યાદ કરવા જોઈએ અને તેમના ઋણમાંથી મુક્ત થવાના યત્કિંચિત્ પ્રયત્નો કરવા જોઈએ. અને તેમની ઇચ્છા મુજબનું આપણે જીવન જીવવું જોઈએ. તો જ આપણે સાચા અર્થમાં ગુરુપૂર્ણિમા ઉજવી કહેવાય. શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્ય જીવનપ્રાણ સ્વામીબાપાએ ગુરુની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે,' ગુ'નો અર્થ થાય છે અંધકાર અને 'રુ'નો અર્થ થાય છે પ્રકાશ. અંધકારને દૂર કરી પ્રકાશનો માર્ગ બતાવે એ ગુરુ. સર્વ શાસ્ત્રોના જાણકાર અને ત્યાગી એવા મહર્ષિ નારદજીને પણ જ્યારે અશાંતિ વ્યાપી ગઈ હતી ત્યારે તેઓ સનત્કુમાર પાસે શાંતિ પ્રાપ્ત કરવા માટે ગયા હતા. ત્યાગી કે ગૃહસ્થ, બાઈ કે ભાઈ, ગરીબ કે તવંગર સૌ કોઈને જીવનમાં ગુરુની અવશ્ય જરુર પડે જ છે. ગુરુ થકી જ ભગવાનના સુખને પામી શકવાની આપણામાં પાત્રતા આવે છે. ફોટોગ્રાફર જ્યારે ફોટો લેતો હોય ત્યારે જે સ્મિત વેરે છે. તેનો ફોટો સારો આવે છે. પરંતુ જે મોઢું મચકોડીને ઉભા રહે છે. તેનો ફોટો સારો આવતો નથી. તેમ ભગવાન અને ગુરુના વચનો જે હેતે સહિત-મહિમાએ સહિત સ્મિત વેરતા ગ્રહણ કરે છે તેની ઉપર ગુરુ અને ભગવાનનો રાજીપો થાય છે. ફોટોગ્રાફર પાસે ફોટો પડાવતી વખતે ફોટો સારો એવો જ જોઈએ. તેવો આગ્રહ રાખનાર આપણે જો ગુરુની આજ્ઞા હેતે સહિત પાળવી જ જોઈએ તેવું સમજવાની ખાસ જરુર છે અને તો જ આપણે ખરા અર્થમાં શિષ્ય કહેવાઈએ. અને સાચા અર્થમાં આપણે ગુરુ પૂર્ણિમા પણ ઉજવી કહેવાશે. ગીતામાં કહ્યું છે 'કરિષ્યે વચનં તવં' તે ન્યાયે આપણે ગુરુના વચનમાં ટૂકટૂક થઈ જઈએ તો જ આપણે સાચા શિષ્ય કહેવાય. જીવનમાં જો સુખી થવું હોય તો ગુરુ અને સંતને એક વખત ઓળખી લેવા પછી તે કહે તેમજ વર્તવું જોઈએ.

૧૯૬૪ ટોકિયો ઑલિમ્પિક્સને કારણે ઊગતા સૂર્યના દેશનો ફરી ઉદય થયો હતો...

ધ ગ્રેટેસ્ટ શૉ ઑન ધ અર્થ...

ખેલકૂદના મહાકુંભનો આગાઝ



www.jeevansparsh.com

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC — भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA — Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,
सही सलाह हर बार...

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ ૨૨ /૦૭ /૨૦૨૧

અંબાલાલભાઈ ગંગારામભાઈ નાકરાણી

ઉમર : ૭૫ વર્ષ, હાલ : વડોદરા, કચ્છમાં : સાંયરા (યક્ષ)

અવસાન નું કારણ - કુદરતી

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ॐ શાંતિ શાંતિ શાંતિ